### હજી પણ રસ્તા, ડ્રેનેજ સહિતની સમસ્યાઓનો ઉદ્યોગો સામે મોટો પડકાર

# સાયખા ઈન્ડસ્ટ્રિયલ એસો.ની બેઠકમાં આસપાસના ગામોના વિકાસની ચર્ચા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાની સાયખા ઔદ્યોગિક વસાહતમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ઉદ્યોગો આવી રહયાં છે ત્યારે ઉદ્યોગ મંડળની બેઠકમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ઉદ્યોગો થકી આસપાસના ગામડાઓના લોકોનું આરોગ્ય કેવી રીતે સચવાઈ રહે અને તેમનું જીવન સ્તર કેવી રીતે ઉચું આવે તેના પર ચર્ચા કરવામાં આવી હતી. સાયખાં કેમીકલ ઝોનમાં આવેલ કંપની સામે હજુ કેટલાયે પડકારો સામે છે. રોડ-રસ્તા ડ્રેનેજ લાઈન, ઈલેક્ટ્રીસીટી, સીઈટીપીનો ચાર્જ અને પ્રદુષણ જેવા વિવિધ મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આસપાસના વાતાવરણને પ્રફુલ્લિત બનાવવા તેમજ વિસ્તારના લોકોનું આરોગ્ય સચવાઈ તેમજ તેમને રોજગારી મળી રહે અને તેમના જીવન ધોરણને ઊંચું લાવવા શું કરી શકાય તેના ઉપર પણ વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. અંકલેશ્વર ખાતે મળેલી બેઠકમાં વાગરાના પીઆઈ પ્રદિપસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહયાં હતાં. તેમણે ઈન્ડસ્ટ્રીઝ અને પોલીસ વચ્ચે સમન્વય સધાય તો ગુનાખોરીનું પ્રમાણ ઓછું થઈ શકે તેમ જણાવ્યુ હતું. વાર્ષિક સામન્ય સભામાં ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ હરેશ ભુતા, ઉપ પ્રમુખ પ્રશાંત પટેલ, ઉપ પ્રમુખ સી.કે.જીયાની, સેક્રેટરી જયેશ વિસાવાડીઆ સહિતના હોદ્દેદારો અને ઉદ્યોગકારો હાજર રહયાં હતાં. ઉલ્લેખનીય છે કે, સાયખા જીઆઈડીસીમાં જતાં રસ્તાઓ બિસમાર હોવાથી સ્થાનિક ઉદ્યોગકારોએ મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી છે પણ આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

# ભરૂચના વેજલપુર ગામડિયાવાડમાં જુગાર રમતા ૧૧ જુગારી ઝડપાયા

ભરૂચ તા.૨૩

ભરૂચના વેજલપુર ગામડીયાવાડમાં આવેલા હિરાના કારખાનાના પાછળના ભાગે જુગાર રમતાં ૧૧ જુગારીઓને બી ડીવીઝન પોલીસે રૂ.૫૫ હજાર ઉપરાંતના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પોલીસે રોકડ સહિત કુલ રૂ.૫૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

ભરૂચ બી ડીવીઝન પોલીસ મથકના પીઆઈ સ્ટાફ સાથે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. આ દરમ્યાન બાતમીના આધારે વેજલપુર ગામડીયાવાડમાં આવેલા હિરાના કારખાના પાછળના ભાગે કેટલાંક લોકો જુગાર રમી રહ્યા છે. પોલીસે રેઈડ કરતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે તમામને કોર્ડન કરી ૧૧ જુગારીઓને ઝડપી પાડ્યા હતાં. જેમાં શૈલૈષ વસાવા, ઓમકુમાર વસાવા, અક્ષયકુમર પરમાર તમામ રહેવાસી ગામડિયા વાડ ભરુચ, તેમજ સઈદખાન પઠાણ, તોસીફ રફીક દિવાન રહે, સંતોષી વસાહત સબ જેલ, યોગેશ મિસ્ત્રી રહે, લીમડીચોક મહાકાળી માતાનું મંદિર, રોહીત વસાવા રહે, વાઘરીવાડ લીમડીચોક, રાજેશ સોંલકી રહે, વેજલપુર ભાલઈયાવાડ, પંકજ રાણા રહે, અયોધ્યાનગર લીંક રોડ, સંજય વસાવા રહે, બહુચરાજી ઓવારા વેજલપુર અને રતીકાંન્ત ઉર્ફે ભોલુ સંતોષભાઈ રહે, વેજલપુર નાના ચાર રસ્તાનો સમાવેશ થાય છે. પોલીસે ઝડપાયેલા જુગારીઓ પાસેથી અંગઝડતીના રોકડા રૂ.૩૧, ૫૭૦, દાવ ઉપરના લગાવેલા રોકડા રૂ.૨૦,૭૮૦ તથા બે મોબાઈલ મળી કુલ રૂ.૫૫,૩૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ જુગારીઓ સામે વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 24/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ તરફ આવી રહ્યાં હતાં ત્યારે એલસીબીએ ઝડપી લીધા

# અમદાવાદથી ચોરી કરેલી બે રિક્ષા સાથે પગુથણ નજીકથી 2 સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

એલસીબીના પીએસઆઇ તુવર તેમની ટીમ સાથે ચાવજથી ટંકારીયા જતાં રોડ પર ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહયાં હતાં તે સમયે બાતમીદારથી બાતમી મળી હતી કે પીળા હુડ વાળી લીલા કલરની રિક્ષા જેની નંબર પ્લેટ તુટેલી છે તે શંકાસ્પદ છે. આ રિક્ષા લઈ બે ઈસમો પરીએજથી ભરૂચ તરફ આવે છે. બાતમી મળતાં જ પગુથણ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. બે રીક્ષા આવતાંની સાથે પોલીસે તેને અટકાવી હતી.



રીક્ષા ચલાવી રહેલાં ઈમ્તીયાઝ યાકુબ વલ્લી પટેલ અને સમસુદ્દીન ઈબ્રાહીમ અલ્લી ડેમા રીક્ષા બાબતે યોગ્ય જવાબ આપી શકયા ન હતાં. બંનેની કડકાઈથી પૂછપરછ કરવામાં આવતાં તેમણે રીક્ષાઓની અમદાવાદના અલગ અલગ વિસ્તારમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેમની પાસેથી બે રીક્ષા, બે મોબાઈલ સહિત 98 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

**DATE: 25/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# ભરૂચ નગરમાં દાયકા બાદ ભરૂચ પોલીસ આયોજિત નોરતાની રમઝટ જામશે

ભરૂચઃ ભરૂચનગરના હાર્દ સમા હોસ્ટેલ ગ્રાઉન્ડ પર અંદાજે એક દશક કરતા પણ વધુ સમય બાદ સાર્વજનિક નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન થઈ રહ્યું છે. પાંચબત્તી સેન્ટર ઓફ સિટીમાં સેફ એન્ડ સિક્યોર નવરાત્રી મહોત્સવ લઈને ભરૂચ જિલ્લા પોલીસ આવી રહી છે. ભરૂચ જિલ્લા પોલીસ વેલ્ફેર સોસાયટી દ્વારા છેલ્લા બે વર્ષથી નવરાત્રી મહોત્સવનું પ્રજા અને પોલીસ પરિવાર માટે આયોજન કરાય છે.ભરૂચ જિલ્લા પોલીસવડા SP મયુર ચાવડા દ્વારા આ વખતે પોલીસ આયોજિત સલામત અને સુરક્ષિત નવરાત્રી મહોત્સવને દીકરીઓ અને ગરબા રેસીકો માટે વધુ મહત્વનો બનાવાયો છે. શહેરની મહત્તમ દીકરીઓ, બહેનો મહિલાઓ સાથે ખેલૈયાઓ સરળ અને સુલભ રીતે મન મૂકીને ગરબે ઘૂમી શકે તેવા અભિગમ સાથે પોલીસ અધિક્ષકે હોસ્ટેલ ગ્રાઉન્ડ પર પસંદગી ઉતારી છે. દીકરીઓની સલામતીના સંકલ્પ સાથે ગરબા રમવા ભરૂચની જનતાને ભરૂચ પોલીસે અપીલ કરી છે. હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે 3 થી 11 ઓક્ટોબર સુધી નવરાત્રીની રમઝટ જામશે.

**DATE: 25/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# ભરૂચ સખી વન સ્ટોપે મહારાષ્ટ્રની ગુમશુદા યુવતીનું પરિવાર સાથે મિલન કરાવ્યું

**પિતાના** અવસાન બાદ માનસિક સ્થિતિને અસર પહોંચી હતી

ભરૂચ: ભરૂચમાં ભટકી રહેલી એક યુવતીને હોમગાર્ડ જવાને સખી વન સ્ટોપની ટીમ પાસે પહોંચાડતા તેણીનું કાઉન્સલીંગ કરી તેના પરિવારનો સંપર્ક કરતા મહારાષ્ટ્રથી યુવતીને લેવા પરિવાર ભરૂચ આવી પહોંચ્યો હતો.

સોમવારની વહેલી સવારે ભરૂચમાં સેવાશ્રમ રોડ ઉપર આશરે 21 વર્ષની યુવતી અસ્થિર મગજની લાગતા હોમગાર્ડ જવાને યુવતીને સખી વન સ્ટોપ સેન્ટર પર લાવી સોંપી હતી. જે બાદ ટીમના કાઉન્સેલીંગમાં યુવતિએ પરિવાર, મોબાઈલ નંબર સહિતની માહિતી આપી હતી. જેના આધારે યુવતીની માતાનો સંપર્ક કરતા તેણીનો ભાઈ અને માતા મહારાષ્ટ્રથી ભરૂચ લેવા આવી પહોંચ્યા હતા. બી.કોમ. સુધીનો અભ્યાસ કરનારી યુવતિ તેના પિતાની ઘણી લાડકી હતી. પિતાનું અવસાન થતાં યુવતીની માનસિક સ્થિતિ પર ઊંડી અસર થઈ હોવાનું પણ જાણવા મળ્યું હતું. 21 સપ્ટેમ્બરના રોજથી યુવતિ ગુમ થઈ હતી. દીકરી સુરક્ષિત મળતાં માતા અને ભાઈની આંખોમાં હર્ષના આંસુ સાથે લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા. પરિવારે ભરૂચ સખી વન સ્ટોપનો આભાર માન્યો હતો.

**DATE: 25/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### સુરત તરફથી દારૂ આવવાની બાતમી મળી

# બાકરોલ બ્રિજ પાસેથી રૂા.૧.૧૫ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર પાસે ના નેશનલ હાઈવે ઉપર બાકરોલ બ્રિજ પાસે થી પાનોલી પોલીસે ઈકો કાર માંથી રૂ. ૧.૧૫ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પડ્યો હતો જોં કે કાર ચાલક કાર મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે દારૂનો જથ્થો અને કાર મળી રૂ ૩.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર ચાલકને વોન્ટેડ જાહેર વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ પાનોલી પોલીસ મથક નો સ્ટાફ વાહન ચેકીંગ માં હતો તે દરમ્યાન સુરત તરફથી નેશનલ હાઈવે પર વિદેશીદારૂનો જથ્થો ભરેલ ઈકો કાર અંકલેશ્વર તરફ આવી રહી હોવાની માહિતી મળી હતી. જે માહિતીના આધારે પોલીસે હાઈવે ઉપર બાકરોલ બ્રિજ નજીક વોચ ગોઠવી હતી દરમ્યાન ઈકો કાર ચાલક પોલીસને જોઈ ને કાર મૂકી ફરાર થઈ ગયો હતો.

પોલીસે કારમાં તલાસી લેતા વિદેશીદારૂ નો જથ્થો મળી આવ્યો હતો, અને રૂ.૧ લાખ ૧૫ હજારની કિંમતના વિદેશી દારૂની ૮૮૪ નંગ બોટલ અને ૨ લાખની ઈકો કાર મળી કુલ રૂપિયા ૩ લાખ ૧૫ હજારનો મુદ્દામાલ કબજે કરી ઈકો કાર ચાલકને વોન્ટેડ જાહેર કરી તેનું વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પોલીસે રૂા.૩.૧૫.લાખનો મુદ્દામાલ કબજે કર્યો**

**DATE: 25/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એલસીબી ટીમે બાકરોલ પાસે વોચ ગોઠવી હતી

# પાનોલીની કંપનીમાં ચોરી કરનારો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | પાનોલી

બાકરોલ બ્રિજ પાસેથી ચોરીના ગુનામાં નાસતો ફરતો રીઢા ચોરને ઝડપી પાડવામાં આવ્યો હતો. ભરૂચ એલસીબી ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી હતી તે સમયે એક આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પાનોલી જીઆઈડીસીની કંપનીમાં થયેલી ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી રાજેશ ઉર્ફે ગુજ્જુ ચૌહાણ બાકરોલ બ્રિજ પાસે હોવાની ચોક્કસ માહિતી મળી હતી. એલસીબી પોલીસની ટીમ સ્થળ પર પહોંચી માહિતી અને વર્ણન આધારે રીઢા ચોર નજરે પડતા જ તેના દબોચી લીધો હતો અને પાનોલી પોલીસ હવાલે કર્યો હતો. પાનોલી પોલીસે ચોરી ના ના ગુનામાં વોન્ટેડ એવા સક્કરપોર ભાઠાના રાજેશ ચૌહાણની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી હતી. પાનોલી જીઆઈડીસીમાં આવેલ કામધેનું ન્યુટ્રીયનટ્સ કંપનીમાં ચોરીનો બનાવ બન્યો હતો. મોટરો સહિત 38 હજાર ઉપરાંતની ચોરીની પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

**DATE: 25/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આછોડ ચોકડી પાસે હોવાની બાતમી મળી હતી

# આમોદમાં ચોરીના ગુનામાં 14 વર્ષથી ફરાર આરોપી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ પોલીસ મથકમાં નોંધાયેલા ચોરીના ગુનામાં છેલ્લા 14 વર્ષથી પોલીસ પકડથી નાસતા-ફરતાં આરોપીને પેરોલ ફર્લો સ્કોડની ટીમે આછોદ ચોકડી પરથી ઝડપી પાડયો છે.એસપી મયુર ચાવડાએ નાસતા ફરતા આરોપીઓ પકડવા સુચના આપતા પોલીસની ટીમો સક્રિય બની છે.પેરોલ ફર્લો સ્કોડની ટીમ આમોદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.આ દરમ્યાન ચોરીના આરોપી વિશે બાતમી મળી હતી. આછોદ ચોકડી પાસે વોચ ગોઠવીને અમનસિંહ ઉર્ફે જામસિંહ બદામસિંહ મેડા ( રહે, મોટીજવારી, અલીરાજપુર)ને ઝડપી પાડયો હતો. આરોપી સામે આમોદ પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયો છે અને તે 14 વર્ષથી પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો. આરોપી અત્યાર સુધી કયાં રોકાયો હતો અને કોને તેને આશરો આપ્યો હતો. તેમજ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તેની તપાસ માટે આરોપીને આમોદ પોલીસના હવાલે કરવામાં આવ્યો છે. આમોદ પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

**DATE: 25/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### અંતર્ગત સિનિયર સિટીઝનને સમજ અપાઈ

# અંકલેશ્વરમાં શહેર પોલીસ દ્વારા સિનિયર સિટીઝન સેમિનાર યોજાયો

## ગુનાહિત પ્રવૃત્તિ થી કેવી રીતે બચી શકાય તે માટે માર્ગદર્શન અપાયું

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલોસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સીનીયર સીટીઝન ને તેમની સમસ્યાઓ ના નિદાન માટે સેમિનાર યોજવામાં આવ્યો હતો જેમાં સાઈબર ક્રાઈમ,તેમજ અન્ય ગુનાહિત પ્રવૃત્તિ થી કેવી રીતે બચી શકાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું..

ગુનાહિત પ્રવુતિઓ ઘટાડી શકાય, તેમજ પોલીસ અને પ્રજાનો વિશ્વાસ સંપાદિત થાય અને તમામ ને સુરક્ષા પ્રદાન કરી શકાય તેવા ઉદ્દેશ્ય સાથે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી ના માધ્યમ થી સીનીયર સીટીઝન માટે આગળ આવ્યું છે. જે અંતર્ગત અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક ના પી.આઈ.પી.જી.ચાવડા ની અધ્યક્ષતા હેઠળ .જે .એન પીટીટ લાયબ્રેરી ના હોલ ખાતે એક વિશેષ સીનીયર સીટીઝન સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં પીએસઆઈ જે.પી ચૌહાણ, સી ટીમ કર્મચારી તથા મહિલા હેલ્પ ડેસ્કના મહિલા કર્મચારીઓ જે. એન. પીટીટ લાયબ્રેરીના ભુપેન્દ્ર શ્રોફ, ચેતન શાહ ઉપસ્થિત રહ્યા હતા પોલીસ દ્વારા વયોવૃદ્ધ સિનિયર સિટિઝન સાથે વાર્તાલાપ કરતા પ્રથમ તેમની સમસ્યાઓ જાણવાની કોશિશ કરી હતી. અને પોલીસ વિભાગ આ સમસ્યા ના નિદાન માટે કેવી રીતે મદદ કરી શકે તે અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.

**DATE: 26/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# પીપરીપાન ગામેથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા પોલીસને બાતમી મળી હતી કે પીપરીપાન ગામના ગણેશ વસાવાએ વિદેશી દારૂનો જથ્થો લાવીને મંગા વસાવાના ઘરમાં સંતાડી રાખ્યો છે. પોલીસે છાપો મારતાં ઘરમાંથી ચંદ્રેશ વસાવા( રહે.ગુંડેચા) મળી આવ્યો હતો અને ઘરની તપાસ કરવામાં આવતાં અડાળીમાંથી દારૂની 58 બોટલ મળી આવી હતી. પોલીસે 29 હજારનો દારૂ કબજે કરી ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેથી ઝઘડિયા પંથકમાં બૂટલેગરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

**DATE: 26/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### ૧૦ વર્ષની સજા ભોગવનાર કેદી જંબુસર તાલુકાનો વતની

# રાજકોટથી કેદી પેરોલ પર છૂટી ફરાર થતાં જામ જોધપુરથી ઝબ્બે

## ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વૉડની ટીમે બાતમીના આધારે ઝડપી પાડ્યો

। ભરૂચ ।

રાજકોટની મધ્યસ્થ જેલમાં ૩૦૭નાં ગૂનામાં ૧૦ વર્ષની સજા ભોગવી રહેલો કેદી પેરોલ રજા પર છુટયા બાદ ૭ મહિનાથી ફરાર થઈ જતા આ ભાગેડુ કેદીને ભરૂચ પેરોલ ફલો સ્કવોડની ટીમે જામજોધપુરથી ઝડપી પાડી રાજકોટ મધ્યસ્થ જેલનાં હવાલે કરી દેવામાં આવ્યો છે.

રાજકોટની મધ્યસ્થ જેલમાં ઘનશ્યામ ઉર્ફે રાજુ ચંદુભાઈ ચરોતરને ઈ.પી.કો.કલમ ૩૦૭ મુજબના ગુનાના કામે કોર્ટ દ્વારા ૧૦ વર્ષની સજા સંભળાવી હતી જે કામે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવી રહેલો હતો તે દરમ્યાન તેને દિન-૧૪ ની પેરોલ રજા મળી હતી પરંતુ તેની ૧૪ રજા પુર્ણ થઈ ગઈ હોવા છતાં તે આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર નહી થઈને છેલ્લા સાત મહીનાથી પેરોલ રજા પરથી નાસતો ફરતો હતો. ભરૂચ પેરોલ ફર્લોની ટીમ ભરૂચ જિલ્લા તથા જિલ્લા બહારના પેરોલ રજા પરથી ફરાર પેરોલ જંપ આરોપીઓને પકડી પાડવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. તે સમયે ટીમને માહિતી મળી હતી કે, રાજકોટ મધ્યસ્થ જેલમાંથી સાત મહિનાથી પેરોલ રજા લઈને ફરાર આરોપી ઘનશ્યામ ઉર્ફે રાજુ ચંદુભાઈ ચરોતરા મુળ રહે.ટુંડજ ગામ, તા.જંબુસર, જી. ભરૂચનાનો હાલ જામનગર જિલ્લાના જામજોધપુર ખાતે નીતીન બંસરીવાલાના ખેતરમાં રહી છુટક મજુરી કરે છે.

આ માહિતી મળતા જ ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમે પેરોલ રજા પરથી ફરાર પેરોલ જંપ આરોપી ઘનશ્યામ ઉર્ફે રાજુ ચંદુભાઈ ચરોતરાને પકડવા જામનગર જિલ્લાના જામ જોધપુર ખાતેથી પહોંચી હતી. જયાં તેને માહિતીવાળા સ્થળેથી ઝડપી પાડયો હતો.તેની સામે કાયદેસરની કાર્યવાહી કરીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સોંપવામાં આવ્યો છે.

**DATE: 28/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### સગીરાને લગ્નની લાલચે ભગાડી ગયો હતો

# અપહરણ અને પોક્સોનો ફરાર આરોપી કરમસદથી ઝડપાયો

। જંબુસર ।

આમોદ તાલુકાના કોલવણા ગામનો યોગેશ્વર ઉર્ફે યોગેશ અરવિંદ રાઠોડ એક સગીરાને લગ્નની લાલચે ભગાડી ગયો હતો. જેની પોલીસ ફરિયાદ ગત તા.૧૯ જુનના રોજ નોંધાઈ હતી.

પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ વડોદરા રેન્જ તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા તરફથી ભરૂચ જીલ્લામાં નાસ્તા ફરતા આરોપીઓ શોધી કાઢવા માટે આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક પી.એલ.ચૌધરી જંબુસરના માર્ગદર્શન આધારે,પોલીસ ઈન્સ્પેકટર આર. બી.કરમટીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ માણસોની ટીમ સાથે ભોગ બનનાર તથા આરોપીની શોધખોળ ચાલુ હતી તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેકટર આર.બી. કરમટીયાને મળેલ બાતમીવાળી જગ્યાએ પોલીસ ટીમ મોકલી આપતાં પોલીસ ટીમ દ્વારા આણંદ જિલ્લાના કરમસદ ગામમાંથી ભોગ બનનાર તથા આરોપીને પકડી આમોદ પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

## આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાઈ